# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


SGCCI

---

Ref no. PN 2026-27/56 Dt. 08/08/2026

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ‘શ્રીલંકા એક્સ્પો 2027’ના રોડ શો માટે ચેમ્બર પ્રમુખ અશોક જીરાવાલાએ શ્રીલંકા એક્સપોર્ટ ડેવલપમેન્ટ બોર્ડના ચેરમેનને દક્ષિણ ગુજરાત પધારવા આમંત્રિત કર્યા

### 15 વર્ષ પછી શ્રીલંકા દ્વારા યોજાનારી સૌથી મોટી ઇન્વેસ્ટમેન્ટ ઇવેન્ટ માટે દક્ષિણ ગુજરાતના રોકાણકારો અને ઉદ્યોગપતિઓ સાથે B2B રોડ શો યોજવા આહ્વાન

### 14થી 17 જાન્યુઆરી 2027 દરમિયાન કોલંબો સ્થિત BMICH ખાતે ‘શ્રીલંકા એક્સ્પો 2027’નું આયોજન કરાશે

### ટેક્સટાઇલ, ગ્રીન એનર્જી, એન્જિનિયરિંગ-કન્સ્ટ્રક્શન, સ્પાઇસિસ-ફૂડ, જ્વેલરી અને સ્માર્ટ મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં રોકાણની વિપુલ તકો

### જાન્યુઆરી 2027ના એક્સ્પોમાં SGCCIના ડેલિગેશનને ઉપસ્થિત રહેવા અને ઇન્ડસ્ટ્રિયલ વિઝિટ કરાવવા શ્રીલંકા બોર્ડનું નિમંત્રણ

**સુરત, 08 ઓગસ્ટ 2026:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI)ના પ્રમુખ શ્રી અશોક જીરાવાલાના નેતૃત્વ હેઠળના પ્રતિનિધિમંડળે શ્રીલંકા પ્રવાસના અંતિમ દિવસે શ્રીલંકા એક્સપોર્ટ ડેવલપમેન્ટ બોર્ડ (EDB)ના ચેરમેન શ્રી મંગલા વિજેસિંઘે સાથે એક અત્યંત મહત્વપૂર્ણ બેઠક યોજી હતી. આ બેઠકમાં બંને દેશો વચ્ચે વેપાર, જોઈન્ટ વેન્ચર્સ અને દ્વિપક્ષીય રોકાણ વધારવા અંગે ફળદાયી ચર્ચા થઈ હતી.

### 15 વર્ષ પછી શ્રીલંકામાં આયોજિત થશે મેગા ઇવેન્ટ

શ્રીલંકા સરકારના મિનિસ્ટ્રી ઓફ ઇન્ડસ્ટ્રી એન્ડ આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ તેમજ એક્સપોર્ટ ડેવલપમેન્ટ બોર્ડ (EDB) દ્વારા આશરે 15 વર્ષના લાંબા અંતરાલ બાદ પ્રથમ વખત વૈશ્વિક સ્તરની 'શ્રીલંકા એક્સ્પો 2027' ઇવેન્ટનું આયોજન કરવામાં આવી રહ્યું છે. તા. 14, 15, 16 અને 17 જાન્યુઆરી 2027 દરમિયાન કોલંબો સ્થિત BMICH ખાતે યોજાનારા આ ભવ્ય પ્રદર્શનમાં વિશ્વભરના રોકાણકારો અને ઉદ્યોગપતિઓ ભાગ લેશે.

### દક્ષિણ ગુજરાતમાં રોડ શો યોજવા અશોક જીરાવાલાનું આમંત્રણ

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ 'શ્રીલંકા એક્સ્પો 2027'ના પ્રચાર-પ્રસાર અને રોકાણકારોને આકર્ષવા માટે શ્રીલંકા એક્સપોર્ટ ડેવલપમેન્ટ બોર્ડના ચેરમેન શ્રી મંગલા વિજેસિંઘે તથા તેમના ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળને 1થી 2 દિવસના સમયગાળા માટે દક્ષિણ ગુજરાત પધારવા આમંત્રણ આપ્યું હતું.

પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે, "જો આ રોડ શોનું આયોજન દક્ષિણ ગુજરાતમાં થાય તો સ્થાનિક રોકાણકારો અને બિઝનેસમેન શ્રીલંકાના બજારને નજીકથી સમજી શકશે. ખાસ કરીને 1. ટેક્સટાઇલ અને સ્માર્ટ મેન્યુફેક્ચરિંગ (વીવિંગ), 2. ગ્રીન એનર્જી, 3. એન્જિનિયરિંગ એન્ડ કન્સ્ટ્રક્શન, 4. સ્પાઇસિસ તથા પ્રોસેસ્ડ ફૂડ એન્ડ બેવરેજિઝ એક્સપોર્ટ, 5. જેમ્સ એન્ડ જ્વેલરી જેવા ક્ષેત્રોમાં શ્રીલંકામાં રોકાણ અને પાર્ટનરશિપની વિશાળ સંભાવનાઓ રહેલી છે."

### SGCCI ડેલિગેશનને શ્રીલંકાનું નિમંત્રણ

સામે પક્ષે, શ્રીલંકા એક્સપોર્ટ ડેવલપમેન્ટ બોર્ડ દ્વારા SGCCIના પ્રમુખશ્રી અને દક્ષિણ ગુજરાતના રોકાણકારોના ડેલિગેશનને જાન્યુઆરી 2027માં આયોજિત આ એક્સ્પોમાં ખાસ ઉપસ્થિત રહેવા નિમંત્રણ પાઠવાયું હતું. બોર્ડ દ્વારા ભારતીય ડેલિગેશનને શ્રીલંકાની સ્થાનિક ઇન્ડસ્ટ્રીઝની વિઝિટ કરાવવા તેમજ ત્યાંની આખી ઔદ્યોગિક ઇકોસિસ્ટમ સમજાવવા માટે સંપૂર્ણ સહયોગ આપવાની ખાતરી આપવામાં આવી હતી